# સામાજિક વિવિધતામાં એકતા અને સમકાલીન પરિસ્થિતિ



**ડૉ.ભારતીબેન એમ. પટેલ**
**સમાજશાસ્ત્ર વિભાગ**
**સી. બી. પટેલ આર્ટસ કોલેજ,નડીઆદ**

**પ્રસ્તાવના**

વિવિધતામાં એકતા એ ભારતીય સમાજની ખાસિયત છે અને તે ભારતીય અસ્મિતાનું અંગ છે. ભારત અસંખ્ય એવા વિવિધ સમુદાયનો બનેલો બહુ મુખી સમાજ છે. જે રાષ્ટ્ર, રાજ્યો સ્પષ્ટ રીતે જ વિશિષ્ટ અને વિભિન્નતા ધરાવતા સામાજિક ઘટક જૂથોના બનેલા હોય તેવા રાષ્ટ્ર રાજ્યને બહુમુખી સમાજ કહેવાય. આ અર્થમાં ભારત બહુમુખી સમાજ છે. જેમાં સામાજિક સાંસ્કૃતિક વિવિધતામાં એકતા જોવા મળે છે.

**સાંસ્કૃતિક વૈવિધ્ય**

ભારતના પ્રત્યેક સમુદાય પોતાની આગવી સંસ્કૃતિ ધરાવે છે સંસ્કૃતિની જીવનશૈલી તરીકે પરિભાષિત કરવામાં આવે છે. સમુદાયની સંસ્કૃતિને 'સ્થાનિક સંસ્કૃતિ' કહેવામાં આવે છે. સંસ્કૃતિમાં ભાષા, ધર્મ, માન્યતા, મૂલ્યો, આચાર–વિચાર, કળા, સાહિત્ય, રિવાજો, લોકરીતિ, લોકનીતિ, પોશાકની રીતો, ખાનપાનની રીતો વગેરેનો સમાવેશ થાયછે. સંસ્કૃતિ સાર્વત્રિક છે, તે માનવસર્જિત વર્તનની શીખેલી રીતોની ઢબ છે, તે વૃદ્ધિ અને પ્રેષણા પામે છે, તેનું પ્રસરણ થાય છે. એ સાતત્ય સ્થિરતા અને પરિવર્તનશીલતાની લાક્ષણિકતાઓ ધરાવે છે. સંસ્કૃતિ સાર્વત્રિક હોવા છતાં તેમાં વૈવિધ્ય રહેલું છે.જરૂરિયાતોના સંતોષની રીતોના વિકલ્પોને લીધે, પર્યાવરણના તફાવતને લીધે, સમસ્યાઓના તફાવતોને લીધે, યંત્ર વૈજ્ઞાનિક તફાવત લીધે, આ જીવિકાના સાધનોના તફાવતોને લીધે તેમજ વંશીય અને ઐતિહાસિક તફાવતોને લીધે સાંસ્કૃતિક વૈવિધ્ય સર્જાય છે. આ અર્થમાં ભારતમાં જેટલા સમુદાયો તેટલી સંસ્કૃતિઓ છે તેમ કહી શકાય.

**વિવિધતામાં એકતા**

વિવિધતામાં એકતા એ ભારતીય સમાજની ખાસિયત છે અને તે ભારતીય અસ્મિતા નું અંગ બની ગયું છે. વિવિધતા છતાં એકતા કેવી રીતે વિકસી તે

બાબત માટે ડો. દુબે જણાવે છે કે ભારતના વિશિષ્ટ ભૌગોલિક સ્થાને તેમજ હિંદુ, જૈન, બૌદ્ધ ,ઇસ્લામ અને ખ્રિસ્તી ધર્મ તથા આ સમુદાયો વચ્ચેની આંતરક્રિયાએ, આ ધર્મના સાધુ સંતોના લખાણો અને કાવ્યો એ ભારતમાં વિવિધતામાં એકતા સર્જવામાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. વિવિધતામાંથી ‘એક સભ્યતા’ અને ‘એક સમાજ રચના ‘સિદ્ધ કરવાનું શ્રેય પ્રાચીન હિન્દુઓને ફાળે જાય છે. આર્ય સંસ્કૃતિના પ્રાચીન ધર્મ ઉપદેશકો સમગ્ર દેશમાં આ સંસ્કૃતિનો પ્રસાર કરવામાં સફળ સફળ નિવડ્યા હતા. જેના કારણે આ દેશને ‘ભારત વર્ષ’નું નામ મળ્યું .પ્રાચીન આર્યોએ દેશના જુદા જુદા ભાગોમાં સમાન સંસ્કૃતિ અને સભ્યતાનું સર્જન કરીને દેશની એકતા સિદ્ધ કરી લીધી હતી. અશોક, ચંદ્રગુપ્ત અને હર્ષવર્ધન જેવા પ્રાચીન શાસકોએ સામ્રાજ્ય સ્થાપીને લોકમાનસમાં માતૃભૂમિ પ્રત્યેની સભાનતા અને રાષ્ટ્રીય એકતા ની ભાવના તાજી રાખી. પ્રાચીન રાજનીતિ અને ધર્મે ભારતીયોના રાષ્ટ્રીય ચરિત્રના ઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો હતો. પરંતુ ગુપ્ત શાસનના અંત સમયે સામ્રાજ્ય અનેક સ્વતંત્ર રાજ્યમાં વિભાજિત થયું અને રાજકીય તથા રાષ્ટ્રીય એકતા નષ્ટ પામવા લાગી. રાજાઓમાં પ્રાદેશિક ભાવના પ્રબળ બની અને સમગ્ર ભારત નાના નાના રાજ્યોમાં વિભાજિત થઈ ગયો રાજ્ય અને રાજધાની તેઓને એટલી બધી પ્રિય બની કે સમગ્ર ભારતનું અસ્તિત્વ તેઓ ભૂલી ગયા. ભારતનો અર્થ તેમના પોતાના રાજ્યના સીમાડા પૂરતો સીમિત બન્યો. ભારતની એકતાની ભાવના લુપ્ત થતી ગઈ. પ્રજા રાજકીય જીવન પ્રત્યે ઉદાસીન બની. પ્રજા તેમના ધર્મ, કર્મ, જ્ઞાતિ, કુટુંબને ગ્રામજીવનમાં મશગુલ હતી. પ્રજાની વફાદારી સ્થાનિક જીવન પૂરતી સીમિત હતી. દેશભક્તિ અને રાષ્ટ્રીય સ્વામાન કે ગૌરવની ભાવના નષ્ટ પામી. રાજકીય ક્ષેત્ર ઉપરાંત સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પૃથક્તા વિધ્વંશ અને વિઘટનની પ્રક્રિયા ઉદભવી હતી. રાજપૂત યુગના રાજાઓમાં કુળનું અભિમાન હતું. તેઓમાં દેશ પ્રેમ કે રાષ્ટ્રવાદ ન હતો. જે યુદ્ધ થયા તે રાષ્ટ્રવાદી ભાવના ધરાવતી પ્રજાઓ વચ્ચેના યુદ્ધો ન હતા. પરંતુ મહત્વકાંક્ષી રાજાઓ વચ્ચેના વ્યક્તિગત યુદ્ધ હતા. 15મી સદીમાં પણ કોઈ શક્તિશાળી કેન્દ્રીય સત્તાનો અભાવ હતો. ભારતના બ્રિટિશ શાસનની શરૂઆત પણ રાજકીય વિધ્વંશ અને વિઘટનની પરિસ્થિતિને આભારી છે. પંડિત જવાહરલાલ નેહરુ લખે છે કે, પરદેશીઓ સામે વિરોધની લાગણી હતી તે વ્યાપક રાષ્ટ્રીયતાની લાગણી ન હતી. લોકોની વફાદારી રાજા કે ઠાકોર પ્રત્યે હતી. એકમાત્ર મરાઠાઓમાં જ કંઈક વિશેષ એવી રાષ્ટ્રીયતાની

ભાવના અમુક પ્રમાણમાં હતી. રાષ્ટ્રીય એકતા ના અભાવમાં ભારતીય માત્ર ભૌગોલિક 'અભિવ્યક્તિ' બની ગયું. મધ્યયુગીન સંસ્કૃતિ કોઈ રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરિત થઈ ન હતી. એ યુગમાં રાષ્ટ્રીય ભાવના નું ઉદય થયાની કોઈ સંભાવના જ નહતી. મધ્યયુગીન રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે વિકસેલી પૃથકતા, વિધ્વંશ અને વિઘટનની પરિસ્થિતિમાં પણ ભારતીય સમાજ અને સંસ્કૃતિ ટકી રહી હતી. આ બાબત દર્શાવે છે કે ભારતીય સંસ્કૃતિમાં આંતરિક એકતાનો અતૂટ પ્રવાહ સતત વહેતો રહ્યો છે. અને તેનું મુખ્ય કારણ સમાજ જીવન જ્ઞાતિ, ગ્રામ સમુદાય અને કુટુંબ દ્વારા સંચાલિત થતું. અંતિમ આધ્યાત્મિક ખોજની બાબતમાં વ્યક્તિ સ્વાતંત્ર્ય ને લીધે શક્ય બન્યું હતું. આમ મધ્ય યુગમાં ભારતના રાજકીય, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે વિઘટનની પરિસ્થિતિને કારણે ભારત પરાધીન બન્યું અને બ્રિટિશ શાસન સ્થપાયું. બ્રિટિશ શાસનકાળમાં એકતાની ભાવના ઉદભવી અને ઉત્તરોત્તર મજબૂત થતી રહી. બ્રિટિશ સરકારે પોતાની સત્તા ટકાવી રાખવા માટે ભાગલાવાદી નીતિ અપનાવીને કોમી વૈમનસ્ય પેદા કરવા પ્રયત્ન કર્યો.પરંતુ મહાત્મા ગાંધીજીએ ભારત દર્શન દ્વારા રાષ્ટ્રીય એકતાની ચાવી હસ્તગત કરી અને વૈવિધ્યઓની વચ્ચે એકતાનું નિર્માણ કર્યું. મહાત્મા ગાંધી એકતાના સિદ્ધાંતના આધારે સ્વતંત્ર ચળવળને વર્ગસુમેળ અને કોમી એકતાના પાયા ઉપર જન સામુદાયિક ચળવળના રૂપમાં બદલી નાખી હતી. સામાજિક એકતા માટે તેમણે સહિષ્ણતા ઉપર ભાર મૂક્યો. મહાત્મા ગાંધીજીની આગેવાની નીચે ગામડા અને શહેરોના બધા સ્તરના બધા ધર્મના, બધી કોમના, બધી ભાષાના અને બધી જ્ઞાતિઓના લોકો સ્વાતંત્ર્ય ચળવળમાં જોડાયા. દુબે કહે છે, તેમ રાષ્ટ્રીય ચળવળ એકતા માટેનું નવું બળ પૂરું પાડ્યું. રાષ્ટ્રીય ચળવડે સમુદાયોની અને સંસ્કૃતિ અને એકબીજા સાથે જોડવાનું અને એકતા સાધવાનું કાર્ય કર્યું. જો કે સ્વાતંત્ર્ય સંગ્રામના અંતિમ તબક્કે હિંદુઓ અને મુસ્લિમો વચ્ચે અવિશ્વાસ અને સંઘર્ષ પેદા થયો અને અખંડ ભારતના બે સ્વતંત્ર એવા ભારત અને પાકિસ્તાન જેવા રાષ્ટ્રનું. નિર્માણ થયું.

**સમકાલીન સ્થિતિ**

**૧. વિકસતી જતી સાંસ્કૃતિક એકવિધતા**

સમુદાયોની સ્થાનિક સંસ્કૃતિઓમાં વિવિધતા હોવા છતાં વિભિન્ન સમુદાયો વચ્ચે સામાજિક આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં આંતરક્રિયા થાય છે. આથી તેઓની સંસ્કૃતિના વિભિન્ન તત્વો જેવા કે વિધિ વિધાન, માન્યતાઓ,

રિવાજો વગેરેમાં સમાનતાઓ પણ જોવા મળે છે. રાજસ્થાનથી ઉત્તર પ્રદેશ સુધીના વિસ્તારોની લોક સંસ્કૃતિ અને અભ્યાસો પરથી ફલિત થાય છે કે તેમના વિધિ વિધાનની રીતો ગીતોનું વિષયવસ્તુ પ્રતિકો વગેરેમાં નોંધપાત્ર સમાનતા હતી. વિધિવિધાનો, દંત કથાઓ પ્રતિકો વગેરેની બાબતમાં ભારતમાં સદીઓથી સમાનતા અને ભિન્નતા એમ બંને પ્રકારની પ્રક્રિયાઓ સમાંતરે ચાલતી રહી છે. સાંસ્કૃતિક પ્રદેશોના સમુદાયોમાં આવી સમાનતા અને ભિન્નતા જોવા મળી છે. ભારતમાં ચાર હજાર થી વધુ એકમોમાં વહેંચાયેલા ભિન્ન પ્રકારના સમુદાયોની સ્થાનિક સંસ્કૃતિઓ અને પ્રાદેશિક સંસ્કૃતિઓ વચ્ચે આંતરક્રિયા થાય છે. ખોરાક, પોશાક, રાજ રચીલું ,ઘરવખરી ની ચીજો કોસ્મેટિક્સ, ઔધોગિક ચીજ વસ્તુઓની વપરાશ ,રહેઠાણની શૈલી વગેરે સાંસ્કૃતિક તત્વોમાં સમાનતા વિકસતી જાય છે. વિભિન્ન સમુદાયોમાં એવી લાગણી અને વલણ વિકસ્યા છે કે પોતાની સાંસ્કૃતિક શૈલી ભારતીય કક્ષાની હોવી જોઈએ.

**૨. વધતું જતું દ્વિભાષીપણું –**

વિભિન્ન પરિબળોને લીધે સમુદાયો વચ્ચે સંપર્કો ઉત્તરોત્તર વધતા જાય છે. ભારતના મોટાભાગના સમુદાયો માટે ભાષાકીય વૈવિધ્ય, સાંસ્કૃતિક બહુ તત્વવાદને સૂચિત કરતો નથી. ભારતમાં દ્વિભાષીપણું વધતું જાય છે. આથી ભાષાઓનું મિશ્રણ થવા લાગ્યું છે. ભારતના બંધારણમાં દર્શાવેલી અનુસૂચિત જાતિઓને આદિજાતિઓના સમુદાયોમાંથી ૫૯ ટકા સમુદાયો દ્વિભાષી બન્યા છે.

**૩. સમુદાયો વચ્ચે સાંસ્કૃતિક સહસંબંધ–**

ભારતના ઘણા ખરા પ્રદેશોમાં સમુદાયોના સાંસ્કૃતિક તત્વોમાં ઘણો સહસબંધ જોવા મળે છે. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓની સંસ્કૃતિઓ વચ્ચે, અનુસૂચિત જનજાતિઓ અને હિન્દુઓની સંસ્કૃતિ વચ્ચે, હિન્દુઓ અને શીખોની સંસ્કૃતિઓ વચ્ચે, હિન્દુઓ અને મુસ્લિમોની સંસ્કૃતિઓ વચ્ચે, હિન્દુઓ અને જૈનોની સંસ્કૃતિઓ વચ્ચે તેમજ હિંદુઓ અને બુદ્ધોની સંસ્કૃતિઓ વચ્ચે સાંસ્કૃતિક સહ સંબંધ જોવા મળે છે. આ બધા સમુદાયો વચ્ચે આંતરક્રિયા થાય છે, અને તેઓ વચ્ચે સાંસ્કૃતિક આદાન–પ્રદાન થતું રહે છે. વિભિન્ન ઘટકો જૂથોની કળા, સાહિત્ય, સંગીત, નૃત્ય, ગીત, યંત્ર વિજ્ઞાન વગેરેમાં સાંસ્કૃતિક મિશ્રણ થયું છે. પરંપરાગત લોક સંસ્કૃતિમાં ભારતીય શૈલીનું તેમજ પશ્ચિમ શૈલીનું મિશ્રણ થતું જાય છે.

**૪. તહેવારો ઉત્સવો નૃત્યો અને ખોરાકનું પ્રસરણ–**

પ્રાદેશિક કે ધાર્મિક સમુદાયોના તહેવારો, ઉત્સવો, નૃત્યો, ખોરાક વગેરે સાંસ્કૃતિક તત્વો જે તે પ્રદેશ કે સમુદાય પૂરતા મર્યાદિત રહ્યા નથી, પરંતુ સમગ્ર ભારતમાં પ્રસરણ પામતા જાય છે. અને તે રીતે સાંસ્કૃતિક એકવિધતા વિકસતી જાય છે. દુર્ગા પૂજા બંગાળ પૂરતી સીમિત ન રહેતા તે બિહાર, ઉત્તરપ્રદેશ, ઓરિસ્સા અને આસામમાં પ્રસરણ પામે છે. ગણેશ ઉત્સવ મહારાષ્ટ્ર પૂરતો સીમિતના રહેતા તે ગુજરાતમાં અને અન્ય રાજ્યમાં પણ પ્રસરણ પામ્યો છે. ખ્રિસ્તીઓનું નાતાલ પર્વ ખ્રિસ્તીઓ પૂરતું સીમિત ન રહેતા તે સમગ્ર ભારતમાં ઉજવાય છે. વિભિન્ન ધાર્મિક તહેવારો અને ઉત્સવમાં વિભિન્ન સમુદાયના લોકોનું સહભાગીપણું વધતું જાય છે. એ જ રીતે પંજાબનું ભાંગડા નૃત્ય, મણિપુરી નૃત્ય, રાજસ્થાની નૃત્ય, આદિવાસી નૃત્ય, રાસ ગરબા, કથક નૃત્ય, ભારત નાટ્યમ વગેરેની લોકપ્રિયતા અન્ય પ્રદેશોમાં વિસ્તરતી જાય છે ગુજરાતી, પંજાબી, મદ્રાસી, રાજસ્થાની, બંગાળી ખાણું કે વાનગીઓ વિભિન્ન પ્રદેશોમાં લોકપ્રિય બન્યા છે. એક પ્રદેશમાં ઉત્પન્ન થતી ચીજ વસ્તુઓ ભારતના વિભિન્ન પ્રદેશોમાં ઉપલબ્ધ બનવા લાગી છે અને તેનો વપરાશ વિભિન્ન સમુદાયના લોકો દ્વારા થવા લાગ્યો છે. આમ સંસ્કૃતિના વિભિન્નતત્વો પ્રાદેશિક સીમાઓ ઓળંગીને ભારતના વિભિન્ન પ્રદેશોમાં પ્રસરણ પામતા જાય છે. અને આધુનિક સમયમાં તો વિદેશોમાં પણ તે પ્રસરણ પામ્યું છે.

**પ. સંઘર્ષ છતાં સંવાદિતાની ભાવના જળવાઈ રહે છે.–**

કુટુંબ, ગામ કે શહેરમાં વિવિધ સામાજિક જૂથોએ પરસ્પર સંવાદિતા થી રહેવું તેવું મૂલ્ય ભારતીય સમાજ અને સંસ્કૃતિમાં પરંપરાથી ચાલ્યું આવે છે. સેકડો વર્ષોના સહજીવનને કારણે ભારતીય સમાજના વિભિન્ન સમુદાયો, પોતપોતાના આગવા સામાજિક – સાંસ્કૃતિક જીવન જીવતા હોવા છતાં, ઘણા ખરા સમુદાયો પરસ્પર એકાકાર થઈ ગયા છે અને બાકીના સમુદાયોમાં પરસ્પર એકાકાર થવાની પ્રક્રિયા ઝડપી બનતી જાય છે. જેમાંથી મેઘધનુષ્ય જેવો એક બહુરંગી ભારતીય સમાજ વસ્તી અને વિસ્તારની દ્રષ્ટિએ એક વિશાળ અને મજબૂત રાષ્ટ્ર બનીને વિશ્વ સમાજને પોતાની સંસ્કૃતિથી પ્રભાવિત કરી રહ્યો છે. ભારતના લાંબા ઈતિહાસ તરફ દ્રષ્ટિપાત કરતા કેટલીક વિસંવાદી ઘટનાઓએ ભારતની એકતાને હાનિ પહોંચાડી છે. તે હકીકત તરત દેખાઈ આવે છે, પરંતુ લાંબા ઈતિહાસ અને દેશની વિશાળતાને વ્યાપક દ્રષ્ટિએ જોતા

આ ઘટનાઓ ગણી શકાય તેવી છે. આ વિસંવાદી ઘટનાઓ ભારતીય સમાજ અને સંસ્કૃતિને છીન્ન-ભિન્ન કરી શકી નથી. એ હકીકત જ તેનું ગૌણપણું પુરવાર કરે છે. ભારત વસુદેવ કુટુંબકમની ભાવનાથી જોડાયેલું છે. આથી જ અમુક સમુદાયો વચ્ચે કેટલીક વાર સંઘર્ષો પેદા થતા હોવા છતાં, અને સમાજ વ્યવસ્થા માટે ધમકીરૂપ બનતા હોવા છતાં સંવાદિતાની ભાવના જળવાઈ રહે છે. તેમજ દરેક સંઘર્ષ બાદ પરિસ્થિતિ ઝડપથી થાડે પડી જાય છે. આ ઘટના વિરોધાભાસો અને વૈવિધ્ય ની વચ્ચે પ્રવર્તતી મૂળભૂત આંતરિક એકતાને સૂચિત કરે છે.

**૬. અલગતાવાદનું વલણ –**

અમુક સમુદાયો ભાષા, વંશ કે જાતિના ધોરણે પોતાના હિતો અને માગણીઓને આગળ ધરીને સ્વયતતા ની હિમાયત કરી પોતાના રાજ્યમાંથી અલગ પડવાની ચળવળ કરે છે ત્યારે તેને અલગતા વાદનું વલણ કહેવાય. આવો અલગતા વાદ સંકુચિત મનોદશા અને સંકુચિત વફાદારી છે. પશ્ચિમ બંગાળમાં ગોરખ લેન્ડ ચળવળ ,અમુક આદિવાસી જૂથની રાજકીયમાં માંગણીઓ અને તે માટેની ચળવળો તેમજ કેટલાક દલિત જૂથોની સાંસ્કૃતિક સ્વાયત્તાની ચળવળ અલગતા વાદના ઉદાહરણો છે. કેટલાક સમુદાયો દરજ્ઞા માટે અલગ રાજ્યની માગણી કરતા રહ્યા છે. તેમાં ઝારખંડ, ઉત્તરાંચલ અને પશ્ચિમ બંગાળની ચળવળો ઉલ્લેખનીય છે. ઝારખંડ અને ઉત્તરાંચલને રાજ્યનો દરજ્જો મળતા તેમની માગણી સંતોષાઈ છે. કેટલાક ભાષા જૂથો રાજકીય અને સાંસ્કૃતિક જીવનમાં વર્ચસ્વી ભૂમિકા ભજવે છે. આવા ભાષા જૂથો અલગતાવાદી ચળવળ કરે છે. અથવા પોતાની ભાષાને બંધારણીય સ્વીકૃતિ મળે તે માટે ચળવળો કરે છે. રાજકીય સામાજિક અને આર્થિક વિકાસને લીધે ભારતીય સમાજમાં ઘણા વ્યવસાયિક, યાંત્રિક અને સાંસ્કૃતિક પરિવર્તનો આવ્યા છે .આ પરિવર્તનો એ જ્ઞાતિઓ, આદિવાસી, ધાર્મિક જૂથો સાંસ્કૃતિક પ્રદેશો વચ્ચેના જોડાણો અને આંતરક્રિયાને વેગ આપ્યો છે બીજી બાજુ, આ વિકાસે વંશ,ધર્મ, જ્ઞાતિ, જાતિ, ભાષા અને પ્રદેશના પાયા ઉપર રચાયેલી લોકોની સ્વસભાનતા અને સંકુ ચિત સાંસ્કૃતિક અસ્મિતાને દ્રઢ બનાવી છે. રાષ્ટ્રીય અને સાંસ્કૃતિક એકતા વિકસી છે તેની સમાંતર એ સાંસ્કૃતિક સ્વાયત્તા માટેનો પ્રયાસ વધ્યો છે. આ ઘટના આદિવાસીઓની રાજકીય માગણીઓ અને તેમની ચળવળમાં જોવા મળે છે. દલિતોમાં સાંસ્કૃતિક સ્વાયત્તા માટેની ચળવળ પણ વિકસી છે. સંચાર માધ્યમો,રાજકીય સહભાગીપણું તથા

સામાજિક ગતિશીલતા માટેની સ્પર્ધા આ પ્રક્રિયાને મજબૂત બનાવી છે. આ સાથે વિવિધ ધર્મો વચ્ચેના સમાન તત્વોને ટાંકી દઈને ભિન્નતા અને અલગતાને આગળ ધરતા રહે છે. આ રીતે અલગતાવાદી વલણ વિકસ્યું છે.

**૭. રાષ્ટ્રીય સંસ્કૃતિ વિકસી રહી છે–**

ભારતની બધી સંસ્કૃતિઓ પ્રશિષ્ટ પ્રાદેશિક અને સ્થાનિક પરંપરામાંથી સાંસ્કૃતિક તત્વો મેળવે છે. પશ્ચિમી પરંપરા નો પ્રભાવ ભારતીય સમાજ ઉપર ખાસ કરીને વિચારસરણી અને યંત્રવિજ્ઞાનના ક્ષેત્રમાં જોવા મળે છે. ભારતીય રાષ્ટ્રવાદના વિકાસના મહત્વના સાંસ્કૃતિક પરિણામો આવ્યા છે. આવા સાંસ્કૃતિક પરિણામોમાં સ્વદેશી પુનરુત્થાનવાદી, પુનઃ અર્થઘટનવાદી તથા ઉપયોગીતાવાદી પ્રવાહો વિક્સ્યા છે. ઉદભવતી રાષ્ટ્રીય સંસ્કૃતિમાં આ ચાર પ્રવાહોમાંથી મેળવેલા સાંસ્કૃતિક તત્વોનો સમાવેશ થાય છે. વિકાસમાં સ્ત્રીઓનું પ્રદાન વહીવટી સુગ્રથન અને સંચાર વ્યવહારમાં સુધારો, વૃદ્ધિ અને વિસ્તૃતિકરણને લીધે સામાજિક સાંસ્કૃતિક પરિવર્તનની પ્રક્રિયાઓ વ્યાપક અને સર્વાંગી બની છે. જેને લીધે દેશમાં નવી રાષ્ટ્રીય સંસ્કૃતિ વિકસી રહી છે. અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત આદિજાતિઓ તથા અન્ય સમુદાયો ઉદભવતી નવી રાષ્ટ્રીય સંસ્કૃતિમાં તેમનું યોગદાન આપી રહ્યા છે. તેમના યોગદાનથી દેશની સંસ્કૃતિ વધુ સમૃદ્ધ બની રહી છે. સોશિયલ મીડિયા પણ સામાજિક અને સાંસ્કૃતિક એકતાને જાળવી રાખવા માટે મહત્વનો ફાળો આપે છે.

ભારતમાં બહુવિધ સમાજ છે. તેમાં વૈવિધ્ય ઉડીને આંખે વળગે તેવું છે, પરંતુ તેમાં રહેલી આંતરિક એકતા સિદ્ધ કરવી પડે તેવી અને પ્રસંગોપાત જ વ્યક્ત થતી હોય તેવા સ્વરૂપની છે. આવી એકતા એક તો ભારતના સંવિધાનના આમુખમાં વ્યક્ત થાય છે ભારતીય નાગરિક તરીકે અપાતી ઓળખવામાં તેમ જ ‘અમે ભારતની પ્રજા’ ની લાગણી અને ભાવનામાં વ્યક્ત થતી અસ્મિતા સ્વરૂપે જોવા મળે છે. કોઈ એક રાજ્યમાં આવી પડતી કુદરતી કે માનવસર્જિત આપત્તિના પ્રસંગે અન્ય રાજ્યો અને પ્રજા તરફથી મળતી રાહત સામગ્રી અને નાણાકીય સહાયમાં એકતા વ્યક્ત થાય છે. યુદ્ધના પ્રસંગે ભારતીય પ્રજા મતભેદો અને વિવાદોને એક બાજુ મૂકીને એકતા દાખવે છે. ભારતનો સમવાયતંત્રનો સિદ્ધાંત વિવિધતામાં એકતાના મંત્રને ચરિતાર્થ કરવાનો પ્રયાસ કરે છે. બીજી બાજુ, વૈવિધ્ય સાથે સંકળાયેલા તફાવત અને સંઘર્ષો અવારનવાર તેના બિહામણા સ્વરૂપે થતા રહે છે. રાજકીય એકતા એ

રાષ્ટ્રીય એકતાની મુખ્ય શરત છે. તે ઐતિહાસિક બોધપાઠ છે. વ્યાપક પ્રમાણમાં જોવા મળતી સ્વહિતની પ્રવૃત્તિઓ , ગેરશિસ્તના બનતા બનાવો વગેરે રાષ્ટ્રનું નિર્માણની સિદ્ધિઓને મર્યાદિત બનાવે છે. આમ છતાં વિજ્ઞાન અને ટેકનોલોજી, ઔદ્યોગિક અને વેપાર વાણિજ્ય તથા કૃષિ ક્ષેત્રની સિદ્ધિઓ તેમજ આતંકવાદ અને સરહદ પરના પડકારોને પહોંચી વળવા ભારતે દાખવેલ પ્રતિભાવે આંતરરાષ્ટ્રીય ક્ષિતિજે એક મજબૂત રાષ્ટ્ર તરીકે ભારતને ગૌરવપૂર્ણ સ્થાન અપાવ્યું છે. હવે દેશની અંદરના અને બહારના પડકારોને પહોંચી વળવા માટે આમ પ્રજાએ દેશ માટે પોતાનું પ્રદાન આપવાનો સમય પાકી ગયો છે. અંતે તો રાષ્ટ્ર નિર્માણ પ્રજાની રાષ્ટ્રીય જાગૃતિ વફાદારી અને બલિદાન ઉપર નિર્ભર છે.

**સંદર્ભ સૂચિ :**


1. ધારૈયા, રમણલાલ કે. (2000). આધુનિક ભારતનો ઈતિહાસ અને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામો ખંડ– 2 યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત.
2. ઝવેરી, મહેન્દ્ર( 1977). સામાજિક પરિવર્તન
3. શાહ,એ. જી. & દવે,જે. કે.( 2004– 2005). આધુનિક ભારતમાં સામાજિક પરિવર્તન
4. Srinivas,M.N.(1972). Social change in modern india written.